॥ સનાતન પરમો ધર્મ ॥ રવિવારી પૂર્તિ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Page: 01

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● કારતક વદ-૬ ● તા. ૦૬-૧૨-૨૦૨૦ ● રવિવાર SDP NO: 232 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

દરેક નાગરિકને કોરોના વેક્સિન મળશે , ગુજરાત સરકાર ની જાહેરાત

વિતરણનું માળખું તૈયાર છે. અત્યારે દેશની સાથે આયોજનમાં ગુજરાત સજ્જ સરકાર પ્રાથમિકતા નક્કી કરે એ મુજબ રસી અપાશે ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે અઠવાડિયામાં કોરોના વેક્સિન આવી જશે. ત્યારે રાજ્યમાં ગુજરાત સરકાર કોરોના વોરિયર્સને પ્રથમ વેક્સિન આપશે .

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વેક્સિનેશનની માહિતી આપી હતી.

જેમાં તેમણે રાજ્યમાં તબક્કાવાર વેક્સિન આપવાનું જણાવ્યું હતું. પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મીઓ, બીજા તબક્કામાં પોલીસ અને હોમ ગાર્ડ્સ તથા ત્યારબાદના તબક્કામાં ૫૦ વર્ષથી વધુ ઉંમરના સિનિયર સિટિઝનને વેક્સિન આપશે તેમ જણાવ્યું હતું.

નવા સંસદ ભવનનું ૧૦ ડિસેમ્બરે વડા પ્રધાન મોદીના હસ્તે ભૂમિપૂજન થશે



(આવું બનશે સંસદ ભવન)

નવું સંસદ ભવન ૬૪,૦૦૦ ચોરસ મીટરમાં રૂ.૯૭૧ કરોડમાં નિર્માણ પામશે

નવા સંસદ ભવનમાં ભારતની વૈવિધ્યતા પ્રતીત થશે



શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા શોક સંદેશ

શ્રી કિશોરભાઈ ખીમજી લીંબાણી (કારોબારી સભ્ય અ.ભા.ક.ક.પાટીદાર સમાજ) તથા
શ્રી કરસનભાઈ વેલજી લીંબાણી (સભ્યશ્રી પા.વિ.ભવન નખત્રાણા સંચાલન સમિતી),
નખત્રાણા-કલકત્તા.

આપના નાના ભાઈ દિપકભાઈ ખીમજી લીંબાણી (ઉ.વ.૪૨) નું તા.૦૩/૧૨/૨૦૨૦ ના નાની વયે અવસાન થયું તે જાણીને અમે દુઃખની લાગણી અનુભવી. સ્વ. દિપકભાઈ ના બાપ સમાન મોટા ભાઈ કિશોરભાઈ, બહેન પુષ્પાબેન અને ચંપાબેન તેમજ ધર્મપત્નિ રીનાબેન, પુત્રી જાન્હવી, આપના સમગ્ર પરિવાર પર અતૂટ સંબંધ માત્ર યાદ બનીને રહી ગઈ. પ્રભુ તેમના આત્માને પરમ શાન્તિ આપે તથા આપ કુટુંબીજનો પર આવેલ વિપદાને સહન કરવાની પ્રભુ શકિત આપે.

નાની વયે દિપકકુમારના આકસ્મિક અવસાનથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તેમજ કારોબારી સભ્યો ખૂબજ દુઃખની લાગણી અનુભવી રહયા છીએ.

આપણે સૌ પરમ કૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને મા ઉમિયાજીના ચરણોમાં પ્રાર્થના કરીએ કે સદ્ગત જીવાત્માને પ્રભુ ચિર શાન્તિ આપે...
ॐ શાન્તિ...શાન્તિ...શાન્તિ...

હંશરાજભાઈ દેવજી ધોળુ — પ્રમુખ શ્રી
બાબુલાલ શામજી ચોપડા — મંત્રી શ્રી

શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા શોક સંદેશ

પ્રતિ,
શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ લીંબાણી (કારોબારી સભ્ય અ.ભા.ક.ક.પાટીદાર સમાજ) તથા
શ્રી કરસનભાઈ વેલજીભાઈ લીંબાણી (સભ્યશ્રી પા.વિ.ભવન નખત્રાણા સંચાલન સમિતિ)
કલકતા

દિલગીર સાથે જણાવવાનું કે આપના પુત્ર સમાન નાનાભાઈ દિપકકુમાર ખીમજીભાઈ લખમશી લીંબાણીના અકાળે અવસાન થયાના સમાચાર જાણી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના હોદેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તથા સર્વે કારોબારી સભ્યો ખુબજ દુઃખની લાગણી અનુભવી રહ્યા છીએ.

નાની વયે દિપકકુમારના આકસ્મિક અવસાનથી આપના કુટુંબ ઉપર આવી પડેલ દુઃખને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત આપે એવી પ્રાર્થના.

દિવંગત જીવાત્માને મા ઉમિયા, ભગવાન લક્ષ્મીનારાયણ પોતાના સાનીધ્યમાં પરમ શાંતી આપે એવી અમો અત્રેથી પ્રાર્થના કરીએ છીએ.

અબજીભાઈ વિશ્રામ કાનાણી — પ્રમુખશ્રી
પુરષોત્તમભાઈ રવજી ભગત — મહામંત્રીશ્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

આજે તા. ૦૫-૧૨-૨૦૨૦

અમદાવાદ ઝોન અને મહાત્મા ગાંધી રિજિયનના ઘટક સિંગરવા યુવા મંડળના દિવંગત સભ્ય **શ્રી સંજયભાઈ બાબુભાઈ પોકાર**ના ક્રિયાકર્મના પ્રસંગે ટીમ MGR તેમના પરિવારને સંવેદના આપવાની સાથે સાથે YSK સહયોગનો પ્રથમ ૫ લાખ રૂપિયા નો ચેક તેમના પરિવારને અર્પણ કરવામાં આવેલ.

આ સમયે MGR ચીફ સેક્રેટરી સંજયભાઈ ધોળુ દ્વારા આ યોજના અંગેની માહિતી આપી અને આ યોજનાની નિધીનો ઉપયોગ બાળકોના અભ્યાસ અને વિકાસમાં ખાસ કરવાનો રહેશે. તે માટે પરિવાર અને સમાજ જરૂર ધ્યાન આપી આયોજન કરશે. PRO નરેશ રત્નાણી દ્વારા આ યોજના દ્વારા છેવાડાંના પરિવાર સુધી ટીમ યુવાસંઘ દ્વારા શ્રીસમાજના સંગઠન રૂપી સ્નેહની લાગણીના સિંચનની માહિતી આપી. YSK કન્વીનર રમેશભાઈ છાભૈયા સાથે સિંગરવા યુવા મંડળના સક્રિય કાર્યકર્તાઓ દ્વારા સિંગરવાના તમામ પરિવારને YSK યોજનામાં સહયોગી બની સભ્ય થવા અનુરોધ કરેલ અને હાજર રહેલ તમામને આ યોજનામાં ઓન લાઈન પણ તરત જોડાઈ જવાની સિસ્ટમથી વાકેફ કરવાથી આપણું નાનું એક સમજણનું કદમ ક્યાંક અનુકંપાનું બીજારોપણ કરવાનો અહેસાસ કરાવેલ હતો..

કાર્ય હમ સે... તો
કરેંગે દિલ સે....

મહતામાં ગાંધી રિજીયન એટલે કે સૌરાષ્ટ્ર અને અમદાવાદ જિલ્લાનો મોટા ભાગનો વિસ્તારનો સમાવેશ થાય છે. મંડળનું કાર્ય ઘરે ઘરે આ યુવા સુરક્ષા કવચ યોજનાની માહિતી સાથે ૧૮ થી ૫૫ ની ઉમરના વ્યક્તિ તે સ્ત્રી કે પુરુષ હોય આ ૧૦ લાખની રકમ આપવાની યોજનાથી વંચિત ના રહે તેની પુરી તકેદારી રાખવાની છે . વળી આ ટીમને ૨૦૨૧ સુધી સતર્ક રહી કાર્ય કરવાનું હોય ખાસ દરેક યુવા મંડળ મહિલા મંડળ વસ્તીપત્રક અને YSK નું ઉમદા કાર્ય કરીને શ્રી સમાજના માળખાને સુદ્રઢ બનાવે તેવો ભાવ વ્યકત કરવામાં આવેલ..

• Team_MGR (YUVASANGH) • PRO - Naresh Ratnani

॥ सनातन परमो धर्म ॥

SHRI AKHIL BHARATIYA KUTCH KADVA PATIDAR
YUVASANGH
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

2018-20

ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

પ્રતિ,
શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ લીંબાણી,
કારોબારી સભ્ય, શ્રી અ.ભા.ક.ક.પા.સમાજ-નખત્રાણા,
નવનીત ડાહ્યાભાઈ લીંબાણી (ચિફ સેક્રેટરી, નવચેતન રીજીયન)
અને પરિવાર જનો.

જય ઉમિયાજી..... જય લક્ષ્મીનારાયણ.... જય સનાતન.....

સાદર નમસ્કાર,

આપના નાના ભાઈ શ્રી દિપકભાઈ ખીમજીભાઈ લીંબાણીના નાની યુવા વયે થયેલ આકસ્મિક દુઃખદ નિધન બદલ આપના ભેરુ અમો સૌ યુવાસંઘના કાર્યકર્તાઓ ઊંડા દુઃખની લાગણી અનુભવીએ છીએ. આપના પિતાજી સ્વ. ખીમજીભાઈ લીંબાણી યુવાસંઘના સ્થાપક પ્રમુખ રહેલ હતા. પરિવારમાંથી એક યુવાની થયેલ અણધારી વિદાયથી આપના સર્વે પરિવારજનો પર આવી પડેલ આઘાતજનક ક્ષણોને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત આપે અને વિદાયમાન આત્માને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ નિજ મંદિરમાં સ્થાન આપે તેવી પ્રાર્થના. તેમનું કર્મઠ વ્યક્તિત્વ અને કરેલ કર્મો સ્પંદનો સ્વરૂપે સદાય મહેકતા રહી આપણ સૌને પ્રેરણા આપતા રહેશે.

દિપકભાઈએ બાલ્યાવસ્થાથી વડીલો પાસેથી મળેલ સંસ્કારોને યુવા મંડળ - યુવાસંઘમાં ઉમદા કાર્ય થકી દીપાવ્યા છે. દિપકભાઈને આપણે YSK સભ્ય તરીકે જોડવામાં ક્યાંક કમી રહી ગયેલ છે. પરંતુ, હવે પછી સમાજના એક પણ યુવા ભાઈ-બહેન આ યુવા સુરક્ષા યોજનાથી વંચિત ના રહે તે જવાબદારી સૌ સમાજજનો લઈએ અને આપણે સૌ તેને અવિરતપણે આગળ ધપાવતા રહીએ એજ ભાતૃશ્રી દિપકભાઈને આપેલ સાચી શ્રધ્ધાંજલી ગણાશે.

લાગણીસભર અમો સૌ..
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ વતી,

ડૉ. વસંત ધોળુ — સેન્ટ્રલ પ્રેસિડેન્ટ
મોહન ધોળુ — મિશન ચેરમેન
નટવર સામાણી — જનરલ સેક્રેટરી

ચૈતન્ય સ્ફૂર્તી ઉત્સાહ

તેમજ યુવાસંઘના સર્વે કાર્યકર્તાઓ

પુષ્પાંજલી

સદ્ગત શ્રી દિપકભાઈ લીંબાણી, ઉમ્ર ૪૨ વર્ષ

શ્રી સમાજના પૂર્વ પ્રમુખશ્રી તેમજ યુવાસંઘના સંસ્થાપક પ્રમુખશ્રી સ્વ. ખીમજીભાઈ લખમશી લીંબાણી, કોલકાતા (કચ્છમાં નખત્રાણા) ના નાના પુત્ર હતા અને શ્રી સમાજના કારોબારી સભ્ય શ્રી કિશોરભાઈના નાના ભાઈ હતા

સ્વ. દિપક ખીમજી લીંબાણી ગત તા. ૨૭ નવેમ્બરના સહ પરિવાર કોલકાતાથી અમદાવાદ ફલાઈટના માધ્યમથી અમદાવાદ ગુજરાત ગયેલ, ૩૦ નવેમ્બરના રોજ કાકાજીના દીકરાના લગ્નમાં સ્વસ્થ અને સહ કુશળ હાજર રહ્યા.. ત્યાર પછી તા. ૦૧ ડિસેમ્બરના રોજ એમની ભત્રીજી (કિશોર ભાઈની દીકરી) ને મળવા માટે ગયા હતા.

ત્યાં તબિયતમાં જરાક ફરક જણાયો હતો..બીજે દિવસે સાસરિયાં પાછા વળી ત્યાંના Family ડોક્ટરનો સંપર્ક કરી તપાસ હાથ ધરી હતી..

Observation માટે Hospital માં દાખલ કરવાની સલાહ મળતાં તેમને zydus Cadila માં દાખલ કરાવ્યા અને તપાસની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ હતી. કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. પણ Hemoglobin લેવલ નીચું જતું રહ્યું હતું.. બપોર સુધીમાં તબિયતમાં સુધારો દેખાવા લાગ્યો હતો.. રાત્રિ પછી અચાનક ૧૨ કલાકમાં મેજર attack આવ્યું અને શરીર પ્રતિક્રિયા કરવાનું બંધ કરી દીધું હતું. ૦૩ ડિસેમ્બરના રોજ સવારના ૩.૫૦ કલાકે અંતિમ શ્વાસ લીધો હતો..

કોલકાતાથી કિશોરભાઈ અને નવનીતભાઈ અમદાવાદ આવ્યા હતા અને અમદાવાદમાં એમનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો અમદાવાદમાં ભગીરથી શો મિલ વાળા થરાવડાના ગોરાણી પરિવાર દિપકભાઈના સાસરા પરિવાર થાય જેઓ ધંધાર્થે કોલકાતા થી અમદાવાદ આવ્યા છે અડધો પરિવાર કોલકાતમાં અને અડધો પરિવાર અમદાવાદમાં છે.

આટલી નાની ઉંમરે દિપક ભાઈ આપણા વચ્ચેથી વિદાય લઈ ગયા તે ખરેખર ખુબ જ દુ:ખની વાત છે, ભાઈ દિપક બહુ જ સ્ફૂર્તિલા હતા અને જોશીલા પણ.. શરીર ના અંગો અંદરથી ક્યારે કામ કરતા બંધ થઈ જાય છે તે ખબર જ નથી પડતી.. સ્વાસ્થ્યને લઈ યુવા પેઢી કેટલી જાગરૂક છે તે ભાઈનું યુવાન અવસ્થામાં અચાનક મૃત્યુ (અચાનક હૃદયના ધબકારા બંધ થઈ જાય) આપને ઘણું બધું ચેતવણી આપી જાય છે

સદ્ગત શ્રી દિપકભાઈના પુણ્યાત્માને પરમ કૃપાળુ ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મી નારાયણ અને કુળદેવી માં ઉમિયા પોતાના ચરણોમાં સ્થાન આપી પરમ શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી.....

ॐ શાંતિ... ॐ શાંતિ... ॐ શાંતિ...

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ.
શ્રી ઉમિયા માતાજી સઁસ્થાન, વાંઢાય.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવા ચૂંટણીપંચની તૈયારીઓ

ફેબ્રુઆરીમાં મહાનગરપાલિકા-પંચાયતોની ચૂંટણીઓ યોજાશે

અમદાવાદ, શુક્રવાર
ગુજરાત વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણી બાદ હવે પંચાયતો અને મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજવા રાજ્ય ચૂંટણીપંચે તૈયારીઓ કરી છે. આગામી ફેબ્રુઆરી માસમાં આ ચૂંટણીઓ યોજાનાર છે.એટલું જ નહીં, આગામી મહિનામાં રાજ્ય ચૂંટણીપંચ સત્તાવાર રીતે આ ચૂંટણીના કાર્યક્રમને લઈને જાહેરાત કરી શકે છે.
કોરોનાકાળ વચ્ચે પંચાયતો-મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવા રાજ્ય ચૂંટણી પંચે તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિધાનસભાની પેટાચૂંટણીઓ વખતે જે રીતે ચૂંટણીઓનું આયોજન કરાયુ હતું તે પ્રકારે પંચાયતો-મહાનગરપાલિકાની ચૂંટણીઓ વખતે આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્રથમ તબક્કામાં મહાનગરપાલિકા અને બીજા તબક્કામાં પંચાયતોની ચૂંટણી યોજાય તેવી શક્યતા, આગામી મહિનામાં જાહેરાત થઈ શકે છે

સૂત્રોના મતે, રાજ્ય ચૂંટણી પંચે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ ,ભાવનગર,જામનગરના મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો છે અને કોરોનાના સંક્રમણ વચ્ચે ચૂંટણી યોજાનારી છે ત્યારે થર્મલ ગન ,ફેસ શિલ્ડ ,હેન્ડ ગ્લોવ્ઝ ,લીકવીડ શોપ
(અનુસંધાન ૬ઠ્ઠે પાને)

રાજ્ય ચૂંટણીપંચે થર્મલગનથી માંડી હેન્ડ ગ્લોવ્ઝ સહિતની વ્યવસ્થા કરવા મ્યુનિ.કમિશનરો-કલેક્ટરોને પત્ર લખ્યો

આગામી ફેબ્રુઆરી માસમાં પંચાયતો અને મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવા ચૂંટણી પંચ સંપૂર્ણ સજ્જ. ચૂંટણી દરમિયાન કોરોના સંક્રમનને ધ્યાનમાં રાખી થર્મલ ગનથી માંડી હેન્ડ ગ્લોવ્ઝ સહિતની વ્યવસ્થા ગોઠવવા તંત્રની તૈયારી.

પ.પુજ્ય સંત શ્રી ડોંગરેજી મહારાજ
પ.પુજ્ય સંત શ્રી વાલરામજી મહારાજ

પ્રાતઃસ્મરણીય બ્રહ્મલીન શુક્રદેવ સ્વરુપ પરમ પુજ્ય સંતશ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ ની ૩૦મી પુણ્યતિથી નિમીતે તેમના ચરણો માં કોટી કોટી વંદન..

दुनिया का पहला भाग्यशाली पति जिसने शादी से पहले ही अपनी बीबी का मुँह बन्द कर दिया.

એક વેક્સિન મારે પણ શોધવી છે....

બોરિંગ -રોજીંદી ઘટમાળમાં ફસાઈ ગયેલા વ્યકિતઓને બહાર કાઢે એવી....

પિસ્તાળીસમા વર્ષે માથા પર બેસી રહેલી સફેદીને મેઘધનુષી રંગે, રંગી નાંખે એવી...

એક વેક્સિન મારે પણ શોધવી છે.....

ભૂલી જવા જેવી પણ યાદ રહી ગયેલી ઘટનાઓને, યાદ-દાશતમાંથી, બાકાત કરી આપે એવી...

કિસ્મતે હિસ્સામાં નહીં મૂકી આપેલી પળો-ઘટનાઓ અને ઈર્ષ્યા અદેખાઈ.
ને મનનાં દરવાજેથી "ગેટ આઉટ" કહી શકે એવી.. "એ" પાસે હોય ત્યારે
સમયને અટકાવી દે અને, "એ" પાસે ન હોય ત્યારે, સમયને દોડાવી દે એવી....

દીકરીની ગુલાબી હેરબેન્ડનાં ખોટ્ટા પતંગિયાને સાચ્ચું કરી આપે એવી....

ઘરડાં થતા જતા મા-બાપની આંખોમાંથી પ્રતીક્ષાને બાદ કરી આપે એવી..

એક વેક્સિન મારે પણ શોધવી છે...

સ્વીકારની પરવા કર્યા વિના ચહેરા પર પહેરી રાખેલા,
પહેરવા પડેલા તમામ માસ્ક ઉતારી આપે એવી !!!!!

એક વેક્સિન મારે પણ શોધવી છે.....

ડો. વિઠલ ભાવાણી.. નરોડા યુવા મંડળ પ્રમુખ.

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૨/૧૨/૨૦૨૦નો સવાલ નંબર -૧૮૩ :
કચ્છ માંથી સ્થળાંતર કરીને સાબરકાંઠા, અરવલ્લી, ખેડામાં આશરે ૫૦૦ કંપા વસ્યા, તેમાં સૌથી પહેલા આપણા વડીલો દ્વારા કયા કંપાનું તોરણ બંધાયું હતું ...?
સાચો જવાબ: કપડવંજ પાસે આવેલ "દુધાતળલાટ" કંપાનું સૌથી પહેલાં તોરણ બંધાયુ હતું ત્રણ વર્ષ પહેલાંજ તેને ૧૦૦ વર્ષ પુરાં થયાં હતાં
સાચો જવાબ આપનાર: કનુભાઈ વી. લીંબાણી, ઓઢવ, અમદાવાદ. મો. ૯૮૨૫૨૫૫૬૩૦

તા. ૩/૧૨/૨૦૨૦નો સવાલ નંબર -૧૮૪ :
ભારતનું સૌ પ્રથમ ઓર્ગેનિક (ખેતી) રાજ્ય કયું છે ...?
સાચો જવાબ: ઓર્ગેનિક ખેતી માટે પ્રથમ શરૂઆત સિક્કિમ રાજ્ય સરકારે કરી હતી
સાચો જવાબ આપનાર: હીરાલાલ કેશરા રામજીયાણી, ઘાટકોપર, મુંબઈ. ૯૮૬૯૧૨૫૪૪૯

તા. ૪/૧૨/૨૦૨૦નો સવાલ નંબર -૧૮૫ :
હેલમેટ પહેર્યા વગર રમનારા મહાન ક્રિકેટર નું નામ કહો જે મુંબઈ થી જોડાયલા છે
સાચો જવાબ: સુનીલ ગાવસ્કર
જવાબ આપનાર: વિઠ્ઠલ દાસ મનજી પોકાર, મોરબી, ૯૧ ૯૮૨૫૨ ૨૪૭૯૬

તા. ૫/૧૨/૨૦૨૦નો સવાલ નંબર -૧૮૬ :
સીંગુર પશ્ચિમ બંગાળ થી ટાટા નો કયો પ્લાન્ટ ને ગુજરાતમાં ક્યાં આવ્યો ....?

આજના પ્રશ્ન માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...
આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..